અપીલ અરજી નં.૧૮૭ તા.૨૫–૯–૦૮

અરજદારઃ શ્રી ગુલામભાઈ મેમણ
સામાવાળાઃ ડાયરેકટર ઓફ પ્લાનીંગ અને જાહેર માહિતી અધિકારી શહેર વિકાસ

***હુકમઃ–***

***વિષય :***–આરટીઆઈ એકટ હેઠળ શ્રી ગુલામભાઈ મેમણની તા.૧૪–૮–૦૮ ની અરજીથી સ્ટેશન વિસ્તારમાં આવેલ સુફી બાગની બાજુમાં ચાલતાં બાંધકામનું સર્વે નંબર તેમજ વોર્ડ નંબર બાબતેની વિગત આપવા બાબત.

***સંદર્ભ :***– અરજદાર મજકુરની તા.૨૫–૯–'૦૮ ની અપીલ અરજી નં.૧૮૭/૨૦૦૮–૦૯

શ્રી ગુલામભાઈ મેમણની તા.૧૪–૮–૦૮ નીઅરજીથી સ્ટેશન વિસ્તારમાં આવેલ સુફી બાગની બાજુમાં ચાલતાં બાંધકામનું સર્વે નંબર તેમજ વોર્ડ નંબર બાબતેની વિગત આપવા બાબતે ડાયરેકટર ઓફ પ્લાનીંગ અને જાહેર માહિતી અધિકારી ના પત્ર નં.ટીડીઓ/૨૪૮૭ તા.૧૦–૯–૦૮ થી આપેલ મુદ્દા નં.૩ માં બતાવેલ જવાબો ખોટા આપેલ તેમજ મુદ્દા નં.૪ માં ગેરકાયદેસર બાંધકામ બાબતે જવાબ બરાબર ન આપ્યા હોવાનું જણાવી મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૨૫–૯–૦૮ ના રોજ હસ્તાક્ષર વિનાની અરજીથી અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નકલ તથા નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૬૧૮ તા.૪–૧૦–૦૮ થી ડાયરેકટર ઓફ પ્લાનીંગ અને જાહેર માહિતી અધિકારી શહેર વિકાસને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને તેઓ તરફથી અત્રેના વિભાગને કોઈ માહિતી મળેલ નથી.

અરજદારની મુળ અરજીમાં સ્ટેશન વિસ્તારમાં આવેલ સુફી બાગની બાજુમાં ચાલતાં બાંધકામનું સર્વે નંબર તેમજ વોર્ડ નંબર બાબતે મુદ્દા નં.૧ થી ૪ ની માહિતી આપવા જણાવેલ. અરજદાર અપીલ અરજી સાથે જાહેર માહિતી અધિકારી તરફથી તા.૧૦–૯–૦૮ ના રોજ આપેલ માહિતીનો પત્ર સામેલ કરેલ છે તથા અપીલ અરજીમાં મુદ્દા નં.૩ માં પ્લાન મુજબ પાર્કીંગની જગ્યા ઘણી ઓછી છે તે હાલમાં બાંધકામમાં નજર આવી રહી છે. મુદ્દા નં.૪ માં ગેરકાયદેસર બાંધકામ બાબતે એલાઈમેન્ટની જગ્યા છોડવામાં આવેલ નથી એમ જણાવેલ છે. પરંતુ અપીલના સમર્થનમાં કોઈ આધાર પુરાવા દસ્તાવેજી સ્વરૂપે રજૂ કરેલ નથી.

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

" અરજદારની તા.૧૪–૮–૦૮ની અરજીથી માંગ્યા મુજબની મુદ્દા નં.૧ થી ૪ ની દફતરી માહિતી જાહેર માહિતી અધિકારી ધ્વારા પૂરી પાડેલ અરજદારે રજૂ કરેલ નકલ પરથી જણાય છે. અરજદારે અપીલમાં મળેલ માહિતી ખોટી હોવાના આધાર સ્વરૂપ મંજુર પ્લાન સામે હાલની હકીકતલક્ષી વિગતો રજૂ કર્યા વિના માહિતી ખોટી હોવાનો દાવો કરેલ છે. અરજદાર ઈચ્છે તો મળેલ માહિતી બાબતે જાહેર માહિતી અધિકારીનો સંપર્ક કરી મંજુર પ્લાનની નકલ કાયદા અને નિયમની જોગવાઈ અનુસરી નિયત દસ્તાવેજ ફી ભરીને મેળવી આપેલ માહિતીની ખરાઈ કરવા અરજદાર સ્વતંત્ર છે તેમ કર્યા બાદ અરજદાર સમર્થન સહિત ખોટી માહિતીના કિસ્સામાં નિયત સમય અવધિ દિન–૩૦ માં કલમ–૧૯ (૧) હેઠળ અપીલ કરવા હકદાર છે."

નં. આરટીઆઈ સેલ/
તારીખ : –૧૧ –૦૮.

ડે.***કમિશ્નર(જનરલ),***
***અને એપેલેટ ઓફિસર***
***સુરત મહાનગર પાલિકા***

***પ્રતિ***
(૧) ડાયરેકટર ઓફ પ્લાનીંગ અને જાહેર માહિતી અધિકારી, શહેર વિકાસ ..... જાણ તથા અમલ માટે
(૨) શ્રી ગુલામ મેમણ